©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LXVI] SATURDAY, 06th DECEMBER, 2025/AGRAHAYAN 15, 1947 [No. 8278

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART-II EXTRAORDINARY

"અધિસુચન"

બોરસદ વિસ્તાર વિકાસ સત્તામંડળ, બોરસદ

બોરસદ નગરપાલિકા

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯

અંતિમ નગર રચના યોજના બોરસદ નં.૧

જા.નં. નપા/ટી.પી. શાખા/વશી/૨૪૫/૨૦૨૫.-આથી જાહેર કરવામાં આવે છે કે, અંતિમ નગર રચના યોજના નં.૧ ના અંતિમખંડ નં.૫૫ (નેબરહુડ સેન્ટર) સુમુચિત સત્તામંડળ (બોરસદ નગરપાલિકા) ને જાહેર હેતુ માટે પ્રાપ્ત થયેલ છે. તે હેતુના બદલે "ઝાકલી તળાવ, ગાર્ડન અને નેબરહુડ સેન્ટર" ના જાહેર હેતુ માટેનો હેતુફેર કરવા પુરતો ફેરફાર કરવાનો મુસદ્દો ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૭૦ (એ) ની જોગવાઈને આધિન આ ફેરફાર સદર અધિનિયમની કલમ-૭૨(એ) હેઠળ પ્રસિદ્ધ કરવામાં આવે છે.

સદર અંતિમ ખંડની ચતુ:સીમા નીચે મુજબ છે.

ઉત્તર : અંતિમખંડ નં.૫૪

દક્ષિણ : અંતિમખંડ નં.૫૬ અને ૧૦૦

પૂર્વ : અંતિમખંડ નં.૫૭, ૫૮, ૫૯, ૬૦, ૬૧, ૬૨, ૬૩, ૬૪, ૬૫, ૬૬, ૬૭, ૬૮,

પશ્ચિમ : ૩૦ મી પહોળાઈ નો ટીપી રોડ

આ સમગ્ર વિગતે ટાઉન પ્લાનિંગ કમિટી તથા વહીવટદારશ્રી દ્વારા કરવામાં આવેલ ઠરાવની વિગતો નીચે મુજબ છે.

ટાઉન પ્લાનિંગ કમિટી બોરસદ ઠરાવ નં.૦૧ તા. ૨૭-૧૧-૨૦૨૫

બોરસદ નગરપાલિકા હદ વિસ્તારનો વિકાસ ઝડપી થઇ રહેલ છે. બોરસદની નગર રચના યોજના બોરસદ ન.૧, ના ફાયનલ પ્લોટ નં.૫૪, ૫૫, ૫૬ માં સ્થળ પર ઝાકલી તળાવ આવેલ છે. સદર તળાવ ગામની વચ્ચે આવેલ હોય, જો રી-ડેવલપમેન્ટ કરવામાં આવે તો નાગરિકોની સુખાકારીમાં વધારો થઇ શકે અને નગરપાલિકા વિસ્તારમાં સુંદર તથા રમણીય સ્થળ બની શકે તેમ છે. નગર રચના યોજનાની વિગતો વંચાણે લેતા, ફાયનલ પ્લોટ નં.૫૫ જે બોરસદ નગરપાલિકાને ફાળવેલ છે. જે નેબરહૂડ સેન્ટર ના હેતુ માટે મળેલ છે. સદર ઝાકલી તળાવ રી-ડેવલપમેન્ટ કરવા અર્થે નગરપાલિકા દ્વારા કરાયેલ દરખાસ્તમાં પ્રાદેશિક કમિશ્નરશ્રી, વડોદરા ઝોનની અધ્યક્ષતામાં મળેલ તાંત્રિક સમિતિ માં જણાવેલ છે કે નગર રચના યોજના બોરસદ-૧, ફાયનલ પ્લોટ નં.૫૪, ૫૫ અને ૫૬ જેમાં સરકારશ્રી દ્વારા આરક્ષિત કરવામાં આવેલ છે. જે મુજબની પ્રવર્તમાન નિયમોનુસારની કામગીરી કરવા સુચવામાં આવેલ છે.

સદર ઉપરોક્ત તમામ મુદ્દાઓની વિગતે ચર્ચા વિચારણા કરતા નગર રચના યોજના નં.૧, નો ફાયનલ પ્લોટ નં.૫૫ નો નીચે ટેબલમાં સૂચવ્યા મુજબ હેતુ ફેર કરવો ઉચિત જણાય છે. જે વિગતે સદર સૂચિત ફેરફાર ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૭૦(એ) હેઠળ વેરિએશન કરવા ઠરાવવામાં આવે છે. સદર નગર રચના યોજના બોરસદ નં.૧ માં સૂચિત વેરીએશન દરખાસ્ત મંજુરી અર્થે કરવાની થતી તમામ આનુસાંગિક કાર્યવાહી કરવાની સત્તા ચીફ ઓફિસરશ્રીને સુપ્રત કરવા ઠરાવવામાં આવે છે.

અનુ નં.	ફાયનલ પ્લોટ નં.	ક્ષેત્રફળ (ચો.મી)	મંજુર થયેલ યોજના મુજબનો હેતુ	સૂચિત દરખાસ્ત માટેનો	
				હેતુ	ક્ષેત્રફળ (ચો.મી)
૧	૫૫	૨૧૭૬૭	નેબરહૂડ સેન્ટર	ઝાકલી તળાવ, ગાર્ડન અને નેબરહૂડ સેન્ટર	૨૧૭૬૭

વહીવટદારશ્રી બોરસદ ઠરાવ નં. ૯૫ તા.૨૭-૧૧-૨૦૨૫

ઉપરોક્ત વંચાણે લીધેલ સંદર્ભ-(૧) થી નગરપાલિકાને વિકાસના કામો કરવા સત્તા સુપ્રત થયેલ છે. વંચાણે લીધેલ સંદર્ભ-(૨) થી પ્રમુખશ્રીના કાર્યો તથા મુખ્ય અધિકારીશ્રીના કાર્યો ધ્યાને લઇ બોરસદ નગરપાલિકાને કાર્યો કરવાની સત્તા મળેલ છે. વંચાણે લીધેલ (૩) થી અત્રેની નગરપાલિકાનું વિસર્જન થયેલ હોઈ વંચાણ (૪) થી હુકમ અન્વયે અત્રેથી કચેરીએ વહીવટદાર તરીકે પ્રાંત અધિકારીશ્રી બોરસદની નિમણુંક થયેલ છે.

બોરસદ નગરપાલિકાની ટાઉન પ્લાનિંગ કમિટીના ઠરાવ નં.૦૧, તા. ૨૭-૧૧-૨૦૨૫ ની વિગતો વંચાણે લેતા બોરસદની નગર રચના યોજના બોરસદ ન.૧, ના ફાયનલ પ્લોટ નં.૫૪, ૫૫, ૫૬ માં સ્થળ પર ઝાકલી તળાવ આવેલ છે. સદર તળાવ ગામની વચ્ચે આવેલ હોય, જો રી-ડેવલપમેન્ટ કરવામાં આવે તો નાગરિકોની સુખાકારીમાં વધારો થઇ શકે અને નગરપાલિકા વિસ્તારમાં સુંદર તથા રમણીય સ્થળ બની શકે તેમ છે. જે વિગતે ટાઉન પ્લાનિંગ કમિટીના ઠરાવ નં.૦૧, તા. ૨૭-૧૧-૨૦૨૫ ના ઠરાવને આથી બહાલી આપવામાં આવે છે. તથા ઉક્ત કામે કરવાની થતી તમામ આનુસાંગિક કાર્યવાહી કરવાની સત્તા ચીફ ઓફિસરશ્રીને સુપ્રત કરવા ઠરાવવામાં આવે છે.

સદરહુ યોજનાનો સૂચિત વિસ્તાર દર્શાવતા નકશાની નકલ બોરસદ નગરપાલિકા, બોરસદ, હનુમાનજી મંદિર પાસે, બોરસદ ખાતે પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. સદર નકશો કચેરીમાં રજાના દિવસો સિવાય કચેરીના કામકાજ સમય દરમ્યાન જાહેર જનતાને જોવા સારૂ ખુલ્લો મુકવામાં આવેલ છે.

સદર યોજના નો મુસદો રાજ્ય સરકારના રાજ્યપત્ર (ગેજેટ) માં પ્રસિદ્ધ થયા તારીખથી એક(૧)માસની અંદર યોજનાથી જેને કોઈપણ અસર થતી હોય તો તેવા શખ્સો સદર ફેરફાર સબંધમાં કોઈપણ લેખિત વાંધાસૂચન સમયમર્યાદામાં સૂચિત સત્તામંડળને મોકલી આપશે તો તે ઉપર વિચારણા કરાશે.

સહી/- અવાચ્ય
ચીફ ઓફિસર
બોરસદ વિસ્તાર વિકાસ સત્તામંડળ
બોરસદ

Signature Not Verified
Signed by : PATEL JAYESHKUMAR RAGHUNATHBHAI
Manager
Government Press & Stationery, Rajkot
Date : 2025.12.08 14:58:38 IST